Seat No. : _______________

# DM-101

**December-2013**

## B.Com. (Sem.-I)

## CC-103 : Accountancy – I

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. (A) પાટણના પરેશે અમદાવાદના અરવિંદને તા. 1-7-13નાં રોજ ₹ 1,400/- ની પડતરની એક એવી 200 ટાઈલ્સની પેટીઓ પડતર કિંમત પર 18% નફો મળે તે રીતે ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલે છે. માલ મોકલતાં પરેશે નીચે મુજબનાં ખર્ચ કરેલ છે :

વીમો ₹ 5,000, ગાડી ભાડું ₹ 10,000.

પરેશે ₹ 1,50,000/- ની ચાર માસની મુદતની હૂંડી લખી મોકલી જે હિરેને સ્વીકારીને પરત મોકલી આપી. પરેશે તે હૂંડી વાર્ષિક 18% ના દરે વટાવી લીધી.

હિરેનને કુલ વેચાણ પર 4% સાદી આડત તથા ઉધાર વેચાણ પર 3% આસામી આડત આપવાની છે. અરવિંદે ₹ 3,000 જકાતનાં તથા લારી ભાડું ₹ 1,600 ચૂકવ્યું. તા. 31-10-2013 સુધી તેણે વેચાણ નીચે મુજબ કરેલ છે :

50 પેટી ₹ 2,600ના ભાવથી રોકડે વેચી. 20 પેટી ₹ 3,000 ના ભાવથી ઉમેદને ઉધાર વેચી. 15 પેટી પરેશના કહેવાથી ઉકેલને ₹ 3,100ના ભાવથી ઉધાર વેચી. ઉકેલ નાદાર થતાં તેની પાસેથી 80% રકમ વસૂલ થઈ શકી છે.

ઉપરની વિગતોના આધારે પરેશના ચોપડે અરવિંદ આડતિયાનું ખાતું તૈયાર કરો. **7**

Paresh of Patan consigned 200 tiles boxes to Arvind of Ahmedabad at invoice price fixed after adding 18% on cost price ₹ 1,400 for each box on 1-7-2013. Paresh has paid following expenses at the time of dispatching the goods.

Insurance ₹ 5,000, carriage ₹ 10,000.

Paresh drew a four months' bill of ₹ 1,50,000, which Hiren accepted and returned immediately. Paresh discounted it by 18% per annum.

Hiren is entitled to get 4% General commission on total sales and 3% Del-credere commission on credit sales. Arvind has paid ₹ 3,000 for octroi and ₹ 1,600 for carriage. As on 31-10-2013 he has sold the goods as following :

50 boxes sold at ₹ 2,600 each for cash. 20 boxes at ₹ 3,000 each to Umed on credit. 15 boxes at ₹ 3,100 each to Ukel as instruction given by Paresh. Ukel was declared insolvent and 80% amount was recovered from him.

From the above particulars prepare account of consignee Arvind in the books of Paresh.

**અથવા/OR**

(A) મોહને ₹ 40,000નો એક એવા 10 મશીન મુકુલને આડતથી વેચવા મોકલ્યા. માલ મોકલતાં ₹ 6,000 વીમાના, ₹ 3,000 ગાડીભાડાનાં ચુકવ્યા. રસ્તામાં બે મશીન નુકસાન પામ્યા. આ મશીનો દરેક ₹ 32,000ના દરથી વેચી દીધા તેમજ વીમા કંપનીએ ₹ 10,000 દાવાના મંજૂર કર્યા. આડતિયાએ બાકીના મશીનો મેળવ્યા અને ₹ 4,000 ઓક્ટ્રોય તથા ₹ 1,000 લારીભાડાના ચુકવ્યા. બધા મશીનો દરેક ₹ 50,000ના દરથી વેચી દીધા. વધેલી રકમ ડ્રાફ્ટથી મોહનને મોકલી આપી.

ઉપરની વિગતોના આધારે આડતિયાના ચોપડે જરૂરી આમનોંધો લખી મોહનનું ખાતું બનાવો.

Mohan consigned 10 machines, each at ₹ 40,000 to Consignee. He paid ₹ 6,000 for insurance and ₹ 3,000 for carriage. Two machines were damage in transit. These machines sold out at ₹ 32,000 each and insurance company admitted a claim of ₹ 10,000. Consignee received remaining machines and paid ₹ 4,000 for octroi and ₹ 1,000 for carriage expenses. All machines sold out at ₹ 50,000 each. Remaining amount sent by draft to Mohan.

Prepare journal entries and prepare Mohan's account in the books of Consignee.

(B) નીચેના પૈકી ગમે તે **બે**નાં જવાબ આપો : **5**

Answer any **two** of the following :

(1) આડત માલના હિસાબોમાં આડતિયાના ચોપડામાં કયા કયા ખાતા બનાવવામાં આવે છે ? નમૂના સાથે સમજાવો.

Which accounts are opened in the books of Consigner ? Explain with samples.

(2) જો આડતિયાએ રોકડે વેચાણ ₹ 40,000, ઉધાર વેચાણ ₹ 60,000, માલધણીની સૂચનાથી ઉધાર વેચાણ ₹ 20,000 તથા ₹ 35,000નો માલ આડતિયાએ પોતે રાખેલ છે અને ₹ 15,000નો આખરનો સ્ટોક છે. જો આસામી આડત 2% અને સાદી આડત 5% હોય તો આડતિયાને કુલ આડત કેટલી મળે ?

If consignee has sold goods of ₹ 40,000 for cash, ₹ 60,000 for credit, ₹ 20,000 on credit as per consigner's instructions and ₹ 35,000 consignee himself purchased. Closing stock is ₹ 15,000. If 2% General commission and 5% Del-credere commission then what will be the total commission earned by consignee ?

(3) વેચાણ અને આડત માલ વચ્ચેનો તફાવત સમજાવો.

Distinguish between sales and consignment.

(C) જો આડતિયાએ આડત માલમાંથી નમૂના તરીકે જાહેરાતમાં માલ આપેલ હોય તો તેની હિસાબોમાં કેવી રીતે અસર થાય છે તે સમજાવો. **2**

If the consignee has distributed goods from consignment goods as sample for advertisement then what will be accounting effects in the books of accounts ?

**અથવા/OR**

400 રેડિયો આડતથી વેચવા મોકલેલ માલધણીએ ₹ 6,000 તથા આડતિયાએ ₹ 3,000નો ખર્ચ કરેલ. જો આખરનો સ્ટોક 68 રેડિયોનો હોય તો આખરના સ્ટોકની કિંમત શોધો. રેડિયાની પડતર કિંમત એકમદીઠ ₹ 500 તથા વેચાણ કિંમત ₹ 650 છે.

400 Radios were sent for sales on consignment. Consigner has paid ₹ 6,000 and consignee has paid ₹ 3,000 as expenses for it. If 68 radios are closing stock then find out closing stock value. Cost of radios were ₹ 500 and sales price were ₹ 650 of each.

2. (A) શ્રી હિતેશભાઈની હરીપુરામાં એક શાખા છે. તેઓ પડતર કિંમત પર 15% ચઢાવીને શાખાને માલ મોકલે છે. શાખાને મળેલી તમામ રોકડ હરીપુરામાં જ આવેલ દેના બેંકમાં મુખ્ય ઓફિસના ખાતામાં જમા કરાવવામાં આવે છે. નીચેની વિગતોના આધારે મુખ્ય ઓફિસના ચોપડે હરીપુરા શાખાનું ખાતુ તૈયાર કરો : **7**

| **વિગત** | **તા. 1-4-2012** | **તા. 1-4-2013** |
|---|---|---|
| | **(₹)** | **(₹)** |
| સ્ટોક-મૂળ કિંમતે | 50,000 | 60,000 |
| દેવાદારો | 40,000 | 35,000 |
| પેટી રોકડ | 1,000 | ? |
| ફર્નિચર | 30,000 | ? |

વર્ષ 2012-13 દરમ્યાનના વ્યવહારો નીચે મુજબ છે :

શાખાને વર્ષ દરમ્યાન ભરતિયા કિંમતે ₹ 2,20,000નો માલ મોકલ્યો છે.

શાખાએ તેમાંથી ₹ 8,000નો માલ પરત કર્યો છે.

શાખાએ ₹ 4,000ની ઘાલખાધ માંડીવાળી છે.

દેવાદારોએ ₹ 4,000નો માલ પરત કરેલ છે.

શાખાએ રોકડ વેચાણ ₹ 2,50,000નું કરેલ છે.

કુલ વેચાણ ₹ 3,55,000નું કરેલ છે.

પરચૂરણ ખર્ચા ₹ 3,500ના થયા છે.

એચ.ઓ. એ શાખાને પરચૂરણ ખર્ચ માટે ₹ 5,000 મોકલેલા છે.

મુખ્ય ઓફિસે શાખા માટે ભાડાના ₹ 6,000, પગારના ₹ 20,000 તથા ગાડીભાડું અને નુરના ₹ 6,000 ચુકવેલા છે. ફર્નિચર પર 10% ઘસારો ગણવાનો છે.

Shri Hiteshbhai have a branch at Haripura. He adds 15% on cost then sends it to the branch. Haripura branch deposits all daily cash received into Head Office's account in Dena bank at Haripura. From the following particulars, prepare Haripura branch account in the books of Head Office.

| **Particulars** | **On dt. 1-4-2012 (₹)** | **On 1-4-2013 (₹)** |
|---|---|---|
| Stock at Invoice price | 50,000 | 60,000 |
| Debtors | 40,000 | 35,000 |
| Petty cash | 1,000 | ? |
| Furniture | 30,000 | ? |

Transactions during the year 2012-13 are as under :

Goods sent to branch at invoice price ₹ 2,20,000.

Goods returned to head office at invoice price ₹ 8,000.

Bad debts written off by branch ₹ 4,000.

Goods returned by debtors ₹ 4,000.

Cash sales ₹ 2,50,000

Total sales ₹ 3,55,000

Petty cash expenses ₹ 3,500

Remittance to branch for petty cash ₹ 5,000 by H.O.

₹ 6,000 for rent, ₹ 20,000 for salary, ₹ 6,000 for carriage and Octroi are the expenses paid by head office for the branch. Provide depreciation 10% on furniture.

**અથવા/OR**

2. (A) ભાવનગરની ગોવર્ધન એજન્સી બાવળામાં એક સ્વતંત્ર શાખા ધરાવે છે. તા. 31-3-12ના રોજ તેમના ખાતાવહીની આખરની બાકીઓ નીચે મુજબ છે :

| | |
|---|---|
| વેચાણ | ₹ 2,50,000 |
| લેણદારો | ₹ 4,000 |
| મુખ્ય ઓફિસની જમા બાકી | ₹ 1,00,000 |
| શરૂનો સ્ટોક | ₹ 70,000 |
| આખરનો સ્ટોક | ₹ 36,000. |
| ફર્નિચર | ₹ 35,000 |
| દેવાદારો | ₹ 25,000 |
| લેણીહૂંડીઓ | ₹ 16,000 |
| ઓફિસના ખર્ચા | ₹ 20,000 |
| બેંક ખાતું | ₹ 14,500 |
| રોકડ હાથ પર | ₹ 2,500 |
| મોટર કાર | ₹ 50,000 |
| મુખ્ય ઓફિસેથી મળેલ માલ | ₹ 1,20,000 |

**વધારાની માહિતી :**

₹ 6,000નો માલ માર્ગસ્થ છે. જ્યારે ₹ 5,000ની રોકડ પણ માર્ગસ્થ છે.

ઉપરની વિગતોનાં આધારે વેપારખાતું, નફા-નુકસાન ખાતું તથા પાકું સરવૈયું તૈયાર કરો.

Govardhan agency of Bhavnagar has an independent branch in Bavla. Closing balances as on dt. 31-3-12 are as under :

| | |
|---|---|
| Sales | ₹ 2,50,000 |
| Creditors | ₹ 4,000 |
| Credit balance of H O | ₹ 1,00,000 |
| Opening stock | ₹ 70,000 |
| Closing stock | ₹ 36,000 |
| Furniture | ₹ 35,000 |
| Debtors | ₹ 25,000 |

| | |
|---|---|
| Bills receivable | ₹ 16,000 |
| Office expenses | ₹ 20,000 |
| Bank account | ₹ 14,500 |
| Cash on hand | ₹ 2,500 |

Motor car ₹ 50,000. Goods received from H O ₹ 1,20,000.

**Additional information :**

Goods of ₹ 6,000 is in transit and cash of ₹ 5,000 is in transit.

On the basis of the above prepare Trading Account, Profit and Loss Account and Balance Sheet.

2. (B) નીચેનામાંથી કોઈપણ **બે**ના જવાબ આપો : **7**

Answer any **two** of the following :

(1) પરતંત્ર શાખા એટલે શું ? પરતંત્ર શાખાના હિસાબો કઈ રીતે લખાય ઉદાહરણ સાથે સમજાવો.

What is dependent branch ? How are the accounts of such branch written ? Explain with example.

(2) પાલીતાણાનાં પ્રતાપની મોડાસામાં એક શાખા છે. શાખાને મૂળ કિંમત પર 25% નફો ચઢાવીને વેચવાની સૂચના સાથે માલ મૂળ કિંમતે માલ મોકલી આપે છે. નીચેની વિગતોને આધારે શાખાના આખર સ્ટોકની કિંમત શોધો :

શાખાનો શરૂનો સ્ટોક ₹ 50,000, શાખાને મોકલેલ માલ ₹ 3,75,000, શાખાએ પરત કરેલ માલ ₹ 30,000, શાખાએ કરેલ રોકડ વેચાણ ₹ 1,50,000, ઉધાર વેચાણ ₹ 3,50,000, દેવાદારોએ પરત કરેલ માલ ₹ 12,000.

Pratap of Palitana have a branch at Modasa. Goods are send at cost price for sales with instruction to add 25% profit on cost. Find out value of closing stock from the following details :

Opening stock ₹ 50,000, goods sent to branch ₹ 3,75,000, goods returned by branch ₹ 30,000, Cash sales ₹ 1,50,000 and credit sales ₹ 3,50,000, goods returned by debtors ₹ 12,000.

(3) શાખાના હિસાબો સ્ટોક અને દેવાદારોની પદ્ધતિએ નોંધવાની રીત સમજાવો.

Explain method of writing branch account by stock and debtors system.

3. (A) અજીતનાં ચોપડામાંથી નીચેની વિગતો પ્રાપ્ત થઈ છે. આ વિગતોના આધારે લેણદારો અને દેવાદારોની આખરની બાકી શોધો :

લેણદારોની શરૂઆતની બાકી ₹ 12,000, દેવીહૂંડીની શરૂઆતની બાકી ₹ 7,000, કુલ ચોખ્ખી ખરીદી ₹ 70,000, દેવીહૂંડીની આખરની બાકી ₹ 8,000, દેવીહૂંડીના ચુકવ્યા ₹ 10,000, ખરીદ માલ પરત ₹ 2,000, રોકડ ખરીદી ₹ 22,800, લેણદારોને ચુકવ્યા ₹ 34,800, મળેલ વટાવ ₹ 1,200, દેવાદારોની શરૂઆતની બાકી ₹ 65,000, કુલ ચોખ્ખુ વેચાણ ₹ 2,75,000, લેણીહૂંડીની શરૂઆતની બાકી ₹ 12,000 – આખરની બાકી ₹ 40,000, દેવાદારો પાસેથી મળેલ રોકડ ₹ 2,75,000, દેવાદારોને આપેલ વટાવ ₹ 5,000, મંજૂર કરેલી ઘાલખાધ ₹ 3,500, દેવાદારોએ પરત કરેલ માલ ₹ 5,000, લેણીહૂંડીના મળ્યા ₹ 3,000, રોકડ વેચાણ ₹ 50,000. **7**

The following details are from the books of Ajit. On the basis of this details find out closing debtors and creditors.

Opening balance of creditors ₹ 12,000, Opening balance of bills payable ₹ 7,000, total net purchase ₹ 70,000, closing balance of bills payable ₹ 8,000, bills payable paid ₹ 10,000, purchase goods return ₹ 2,000, cash purchase ₹ 22,800, creditors paid in cash ₹ 34,800, discount received ₹ 1,200, opening balance of debtors ₹ 65,000, total net sales ₹ 2,75,000, opening balance of bills receivable ₹ 12,000, closing balance ₹ 40,000, cash received from debtors ₹ 2,75,000, discount allowed ₹ 5,000, bad-debts allowed ₹ 3,500, goods return from debtors ₹ 5,000, cash received from bills receivable ₹ 3,000, cash sales ₹ 50,000.

**અથવા/OR**

3. (A) શ્રી મુકેશ પટેલનાં ચોપડામાંથી નીચેની વિગતો મળેલ છે. જેના આધારે તા. 31-3-2013નાં રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો :

| **મિલકત-દેવા** | **તા. 1-4-2012 (₹)** | **તા. 31-3-2013 (₹)** |
|---|---|---|
| સ્ટોક | 25,000 | 35,000 |
| દેવાદારો | 40,000 | 50,000 |
| ફર્નિચર | 40,000 | (?) |
| લેણદારો | 15,000 | 20,000 |
| રોકડ સિલક | 5,000 | 4,000 |

વર્ષ દરમ્યાનના વ્યવહારો :

| | |
|---|---|
| દેવાદારો પાસેથી મળેલ રોકડ | ₹ 1,61,000 |
| લેણદારોને ચુકવેલ રકમ | ₹ 1,16,000 |
| ઓફિસના ખર્ચા | ₹ 48,000 |
| ઉપાડ રોકડમાં | ₹ 10,000 |
| વર્ષની શરૂમાં વધારાની મૂડી લાવ્યા | ₹ 20,000 |
| રોકડ વેચાણ | ₹ 60,000 |
| રોકડ ખરીદી | ₹ 42,000 |
| લેણદારો પાસેથી મળેલ વટાવ | ₹ 2,400 |
| દેવાદારોને આપેલ વટાવ | ₹ 3,000 |
| ખરીદ માલ પરત | ₹ 3,000 |
| વેચાણ માલ પરત | ₹ 5,000 |
| ઘાલખાધ | ₹ 4,000 |
| ફર્નિચર પર ઘસારો | 12% |

Following details are from the books of Mukesh Patel. On the basis of this details prepare final account for the year ending dt. 31-3-2013 :

| **Assets – Liabilities** | **Dt. 1-4-2012 (₹)** | **Dt. 31-3-2013 (₹)** |
|---|---|---|
| Stock | 25,000 | 35,000 |
| Debtors | 40,000 | 50,000 |
| Furniture | 40,000 | (?) |
| Creditors | 15,000 | 20,000 |
| Cash on hand | 5,000 | 4,000 |

Transaction during the year :

| | |
|---|---|
| Cash received from debtors | ₹ 1,61,000 |
| Cash paid to creditors | ₹ 1,16,000 |
| Office expenses | ₹ 48,000 |
| Cash withdrawal | ₹ 10,000 |
| Capital brought in cash during the year | ₹ 20,000 |
| Cash sales | ₹ 60,000 |
| Cash purchase | ₹ 42,000 |
| Discount received from creditors | ₹ 2,400 |
| Discount allowed to debtors | ₹ 3,000 |
| Purchase returned | ₹ 3,000 |
| Sales returned | ₹ 5,000 |
| Bad-debts | ₹ 4,000 |
| Depreciation on furniture | 12% p.a. |

**અથવા/OR**

(B) નીચેનામાંથી ગમે તે **ત્રણ**નાં જવાબ આપો : **7**

Answer any **three** of the following :

(1) એકનોંધી હિસાબી પદ્ધતિ એટલે શું ? સમજાવો.

Explain single entry accounting system.

(2) શરૂનો સ્ટોક ₹ 40,000, ખરીદી ₹ 2,00,000, આખર સ્ટોક ₹ 80,000. કાચા નફાનો દર મૂળ કિંમતના 18.5% હોય તો કુલ વેચાણ કેટલું ?

Opening stock is ₹ 40,000, purchase ₹ 2,00,000 closing stock ₹ 80,000, Gross profit rate is 18.5% on sales then what will be the total sales ?

(3) એકનોંધી હિસાબી પદ્ધતિમાંથી દ્વિનોંધી હિસાબી પદ્ધતિ મુજબ હિસાબો લખીએ ત્યારે દેવાદારોની ખૂટતી વિગતો કેવી રીતે શોધાય તે ઉદાહરણ સાથે સમજાવો.

When we convert single entry accounting system in double entry accounting system how the remaining details of debtors can be find out ? Explain with example.

(4) એકનોંધી હિસાબી પદ્ધતિની મર્યાદાઓ જણાવો.

Explain limitations of single entry accounting system.

(5) નીચેના વ્યવહારોની આમનોંધો તથા તેની યોગ્ય ખતવણી દર્શાવો.

– દેવાદારો પાસેથી ₹ 12,000ની લેણીહૂંડી મળી.

– આ હૂંડી એક લેણદારને શેરો કરી આપી.

Give journal entry and posting of following transactions in relevant accounts.

– A bill receivable of ₹ 12,000 is received from a debtor.

– Said bill receivable is endorsed to a creditor.

4. (A) શ્રી નારદ મુનિએ આગનાં બધા નુકસાન સામે પૂરો વીમો લીધો છે. તેના મકાનના અમુક ભાગમાં આગ લાગી અને વીમા કંપનીએ નીચે મુજબ ₹ 1,10,400 નો દાવો મંજૂર રાખ્યો :

પ્લાન્ટ મશીન ₹ 25,000, મકાન ₹ 42,000, નુકસાન પામેલ સ્ટોક ₹ 18,000, નાશ પામેલ સ્ટોક (કિંમત 50%) ₹ 10,800.

| | | | |
|---|---|---|---|
| પારીમાણિક નુકસાન : | કામદારોને રોકી રાખવા ચુકવેલ મજૂરી | ₹ 4,200 | |
| | આનુશંગીત ખર્ચા | ₹ 2,200 | |
| | નફા-નુકસાન | ₹ <u>9,000</u> | ₹ 15,400 |

નાશ પામેલ પ્લાન્ટ અને મશીન જૂના હતા અને ચોપડે તેની સંપૂર્ણ કિંમત મળી વાળવામાં આવી હતી. નવું યંત્ર ખરીદવાનું નક્કી કર્યું. મકાનોનું સમારકામ ₹ 25,000ની કિંમતે કરાવ્યું. નુકસાન પામેલ સ્ટોક પર ₹ 2,000 ખર્ચવાથી તે પૂરી કિંમતે વેચી શકાયો. આગના દાવાનું ખાતું તૈયાર કરો. **7**

Shri Narad Mooni has fully insured against all loss by fire. A fire occurred on part of the premises and the insurance company settled the claims for ₹ 1,10,400 as follows :

Plant and machines ₹ 25,000, Building ₹ 42,000, stock destroyed ₹ 18,000, stock destroyed (50% of value) ₹ 10,800.

| | | | |
|---|---|---|---|
| Consequential loss : | Wages paid to retain men | ₹ 4,200. | |
| | Incidental outlay | ₹ 2,200 | |
| | Loss of profit | ₹ <u>9,000</u> | ₹ 15,400 |

The plant and machines lost were old and had been entirely written off. It is decided to purchase new machine. The building were repaired at a cost of ₹ 25,000. By expending ₹ 2,000 on the damaged stock he was able to sell it at the full price. Prepare Fire Claim Account.

**અથવા/OR**

(A) વીમો ઉતરાવેલ માલનો સ્ટોક આગથી બળી જાય ત્યારે વીમા કંપની સમક્ષ દાવો રજૂ કરવા માટે બળી ગયેલ માલની કિંમત કેવી રીતે શોધવામાં આવે છે ? ઉદાહરણ સાથે સમજાવો.

How you would ascertain the value of insured goods burnt by fire for presenting your claim before the insurance company ? Explain with example.

4. (B) શ્રી જોશીએ ₹ 2,70,000 ની નફાનાં નુકસાનની પોલીસી લીધી. બાહેંધરીનો સમય ત્રણ માસનો છે. તા. 31-12-2012ના રોજ પૂરા થતાં વર્ષનું વેચાણ ₹ 21,00,000 હતું અને ચોખ્ખો નફો ₹ 2,10,000 હતો. નફા-નુકસાન ખાતે ₹ 13,500 સ્થાયી ખર્ચના ઉધારવામાં આવ્યા હતા. જે પૈકી ₹ 3,000 સ્થિર ખર્ચનો વીમો લેવામાં આવ્યો નથી.

તા. 1-4-2013નાં રોજ આગ લાગી, જેને લીધે કેટલીક પ્રવૃત્તિઓ અટકી ગઈ. શ્રી જોશીનું તા. 1-4-2012 થી 30-6-2012 સુધીનું વેચાણ ₹ 6,09,000 હતું અને તેજ સમયનું વર્ષ 2013નું ત્રણ મહિનાનું વેચાણ ₹ 2,10,000 હતું. તા. 31-3-2013 ના રોજ પૂરા તથા બાર માસનું વેચાણ ₹ 22,50,000 હતું. તા. 1-1-2013 થી ઉત્પાદનની સુધારેલી પદ્ધતિથી 2013માં વેચાણ પર 3% વધુ નફો મળશે. દાવાનું પત્રક તૈયાર કરો. **5**

Shree Joshi took out a policy of ₹ 2,70,000 for loss of profit, period of indemnity being three months. Turnover for the year ending 31-12-2012 were ₹ 21,00,000 and net profit ₹ 2,10,000 after charging ₹ 13,500 for the fixed charges. Insurance is not taken for fixed expense of ₹ 3,000.

Fire took place on 1-4-2013 and as a result some of the activities came to a stand still. Sales of Joshi during 1-4-2012 to 30-6-2012 was ₹ 6,09,000 and for the same three months of 2013 they were ₹ 2,10,000. Sales for the year ending 31-3-2013 were ₹ 22,50,000. As and from 1-1-2013 as a result of improved methods of production, profit of 3% more would be realized on sales.

Prepare a statement of claim.

**અથવા/OR**

(B) આગના દાવાના હિસાબોમાં પ્રમાણિત વેચાણ એટલે શું ? તેની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે તે વિગતે સમજાવો.

What is "standard turnover" in the accounts of fire claim ? Explain in detail that how it can be ascertain.

(C) નીચેનામાંથી કોઈપણ **એક**નો જવાબ આપો : **2**

Answer any **one** of the following :

(1) જો બાહેંધરી ગાળો 6 માસનો, પ્રમાણ વેચાણ ₹ 20,000, વાર્ષિક વેચાણ ₹ 80,000 અને બાહેંધરી દરમ્યાનનું ગુમાવેલ વેચાણ ₹ 6,000 હોય તો ગુમાવેલ વેચાણ કેટલું હોય ?

If the indemnity period is for six months, average sales ₹ 20,000, annual sales ₹ 80,000 and turnover during indemnity period is ₹ 6,000, then what will be short sales ?

(2) પારીમાણિક નુકસાનની પોલીસીમાં બાહેંધરીનો વધુમાં વધુ ગાળો અને ઓછામાં ઓછો ગાળો કેટલો હોય છે ?

For the consequential loss policy what is the minimum and the maximum period of indemnity granted ?

5. નીચેના પેટા પ્રશ્નોના એકથી વધુ વિકલ્પો આપેલા છે. સાચો વિકલ્પ શોધી તમારી ગણતરી અથવા જવાબનો આધાર દર્શાવો : (ગમે તે **સાત**) **14**

More than one answers are given for each question given. You have to select correct one with necessary calculations or justification for it. (Any **seven**)

(1) મુખ્ય ઓફિસે શાખાને વર્ષ દરમ્યાન ₹ 25,000 પેટા રોકડ માટે મોકલ્યા. વર્ષની શરૂમાં પેટા રોકડ ₹ 2,400 અને આખરમાં ₹ 2,000, હતા તો પરચૂરણ ખર્ચા

(a) ₹ 12,400 (b) ₹ 14,800

(c) ₹ 25,400 (d) ₹ 15,000

During the year H O has sent ₹ 25,000 as petty cash. Opening balance of petty cash was ₹ 2,400 and closing balance was ₹ 2,000, then the total expenses of the year

(a) ₹ 12,400 (b) ₹ 14,800

(c) ₹ 25,400 (d) ₹ 15,000

(2) આડતિયાએ જાહેરાત માટે આડતથી મળેલ માલમાંથી જો ₹ 2,000નો માલ નમૂના તરીકે આપેલ હોય તો

(a) જાહેરાત ખાતે ઉધાર થશે.

(b) આડતમાલ ખાતે ઉધાર થશે.

(c) તેની કોઈ નોંધ થશે નહીં.

(d) આડતમાલ ખાતે ઉધાર અને જમા બંને બાજુ લખશે.

The consignee has distributed samples for ₹ 2,000 from consigned goods then

(a) Advertisement account debit

(b) Consignment account debit

(c) No journal will be

(d) Consignment account debit and credit both sides

(3) તા. 1-4-2012ના રોજ ફર્નિચરની બાકી ₹ 1,00,000 છે. આ ફર્નિચર શાખાને તા. 1-7-2012 નાં રોજ મોકલવામાં આવ્યું છે. તા. 31-3-2013ના રોજ 15% લેખે સીધી લીટીની પદ્ધતિએ શાખાના ચોપડે આ ફર્નિચરનો ઘસારો કેટલો થાય ?

(a) ₹ 15,000 (b) ₹ 30,000

(c) ₹ 7,500 (d) ₹ 17,300

Furniture balance as on dated 1-4-2012 was ₹ 1,00,000. This furniture was sent to branch on dt. 1-7-12. What will be the Depreciation on Furniture in the book of branch at 15% p.a. by straight line method as on 31-3-2013 ?

(a) ₹ 15,000 (b) ₹ 30,000

(c) ₹ 7,500 (d) ₹ 17,300

(4) શરૂનો સ્ટોક ₹ 30,000, ખરીદી ₹ 1,80,000, આખરનો સ્ટોક ₹ 10,000, કાચો નફો વેચાણના 20% હોય તો કુલ વેચાણ કેટલું ?

(a) ₹ 2,10,000 (b) ₹ 2,00,000

(c) ₹ 2,50,000 (d) આમાંથી એકપણ નહીં

What will be the total sales if opening stock ₹ 30,000, purchase ₹ 1,80,000, closing stock ₹ 10,000, gross profit on sales 20% ?

(a) ₹ 2,10,000 (b) ₹ 2,00,000

(c) ₹ 2,50,000 (d) None of these

(5) સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફિસનું ખાતું

(a) માલ-મિલકત ખાતા જેવું છે. (b) મૂડી ખાતા જેવું છે.

(c) ઉપજ ખર્ચ જેવું છે. (d) નફા-નુકસાન ખાતા જેવું છે.

For independent branch the account of H O is like

(a) real account (b) capital account

(c) nominal account (d) profit and loss account

(6) આગનો વીમો કઈ મિલકતો પર રક્ષણ આપે છે ?

(a) અદ્રશ્ય મિલકતો

(b) અવાસ્તવિક મિલકતો

(c) વાસ્તવિક મિલકતો

Fire insurance provides cover for

(a) intangible assets

(b) fictitious assets

(c) tangible assets

(7) આડતિયાને મળેલ માલમાંથી તેણે ₹ 50,000નો માલ રોકડે, ₹ 50,000નો માલ ઉધાર, ₹ 15,000નો માલ માલધણીની સૂચનાથી ઉધાર વેચેલ છે. જો તેને 4% આસામી અને 3% સાદી આડત મળવા પાત્ર હોય તો તેને મળવા પાત્ર સાદી આડત _________ થાય.

(a) ₹ 6,500 (b) ₹ 1,800

(c) ₹ 4,820 (d) આમાંથી એકપણ નહીં

The consignee has sold consigned goods of ₹ 50,000 for cash, ₹ 50,000 for credit and credit goods sold as per consigner's instruction for ₹ 15,000. 4% del-credere commission and 3% general commission is receivable, then total general commission will be _________.

(a) ₹ 6,500 (b) ₹ 1,800

(c) ₹ 4,820 (d) None of these

(8) શુદ્ધ એકનોંધીમાં પેટાનોંધોમાં માત્ર ________ રાખવામાં આવે છે, જ્યારે ખાતાવહીમાં માત્ર ________ ના ખાતા હોય છે.

(a) લેણદારો, દેવાદારો

(b) રોકડ મેળ, વ્યક્તિના

(c) ખરીદ નોંધ, મિલકતો

(d) આમાંથી એકપણ નહીં

In pure single entry only ________ is kept of subsidiary books and only ________ accounts are kept in ledger.

(a) creditors, debtors

(b) cash book, personal

(c) purchase book, assets

(d) None of these

(9) લેણદારોને વેચાણ શેરો કરી આપેલી લેણીહૂંડી નકારાય ત્યારે ________ નું ખાતું ઉધારાય અને _________ નું ખાતું જમા થાય.

(a) લેણદારો, દેવાદારો

(b) લેણીહૂંડી, લેણદારો

(c) દેવાદારો, લેણદારો

(d) દેવાદારો, લેણીહૂંડી

If bills receivable is endorsed to creditor and it dishonoured then ________ account will be debited and _________ account will be credited.

(a) creditors, debtors

(b) bills receivable, creditors

(c) debtors, creditors

(d) debtors, bill receivable

________